# અભિમાન

— ચન્દ્રકાન્ત અમીન

કોઈ એક નગર હતું.

તેમાં એક કુંભાર રહેતો હતો. કુંભાર હોશિયાર કારીગર હતો. વળી મહેનતુ પણ હતો. તે બીજા કુંભાર કરતાં ચડિયાતાં વાસણ બનાવતો હતો. તદુપરાંત તે વાસણને રંગ કરીને સુંદર બનાવતો હતો. તેનાં વાસણ ખરીદવા માટે બજારમાં પડાપડી થતી.

આ કુંભારે એક વખત રમત–રમતમાં એક માણસની મૂર્તિ બનાવી. કુંભાર કારીગર હતો. એટલે મૂર્તિ તો આબેહૂબ બની હતી. તેણે ખૂબ મહેનત કરીને રંગકામ કર્યું. માથામાં વાળ પણ લગાવ્યા. આંખની પાંપણ બનાવી. હવે તો એવું લાગતું હતું કે જાણે આ મૂર્તિ હમણાં બોલવા લાગશે. મૂર્તિમાં માત્ર જીવ જ મૂકવાનો બાકી રહી ગયો હતો.

કુંભાર એ મૂર્તિને લઈને બજારમાં વેચવા ગયો. લોકો તો દંગ રહી ગયા આ મૂર્તિ જોઈને ! પછી તો એ મૂર્તિ ખરીદવા માટે પડાપડી થવા લાગી.

હવે શું કરવું ? કુંભાર ખરેખર મૂંઝાઈ ગયો. મૂર્તિ એક જ હતી અને ખરીદનાર ઘણા હતા. મૂર્તિ આપવી કોને ?

છેવટે તેણે ઉપાય શોધી કાઢ્યો. તેણે મોટેથી જાહેરાત કરી :

‘ભાઈઓ, આ મૂર્તિ બનાવવામાં મને ખૂબ મહેનત પડી છે. જે કોઈ આની સૌથી વધુ કિંમત આપશે તેને આ મૂર્તિ મળશે.’

મૂર્તિ તો ખરેખર સુંદર હતી. ત્યાં હાજર રહેલા બધા તેને ખરીદવા માગતા હતા. એટલે લોકો તો કિંમત બોલવા લાગ્યા. મૂર્તિની કિંમત વધતી જ ચાલી. હવે તો લોકો માટે આબરૂનો પ્રશ્ન આવી ગયો.

છેવટે મૂર્તિ ઊંચી કિંમતે વેચાઈ ગઈ !

સાંજે કુંભાર જ્યારે ઘેર પાછો ફર્યો, ત્યારે તેનાં ખિસ્સાં રૂપિયાથી ભરેલાં હતાં.

તે દિવસે ઘેર આવીને કુંભાર વિચાર કરવા લાગ્યો :

‘વાસણ બનાવવામાં ખૂબ મહેનત પડે છે. છતાં આટલા પૈસા મળતા નથી. વાસણના પ્રમાણમાં મૂર્તિના પૈસા ઘણા મળે છે. હવે તો વાસણ બનાવવાનું છોડીને મૂર્તિઓ જ બનાવીને વેચું. એમ કરવાથી વધારે પૈસા મળશે.’

બસ, પછી તો કુંભારે વાસણ બનાવવાનું બંધ જ કરી દીધું. હવે તો તે માત્ર મૂર્તિઓ જ બનાવવા લાગ્યો. મહેનત કરીને તે મૂર્તિ બનાવતો અને બજારમાં જઈને ઊંચી કિંમતે વેચી આવતો. મૂર્તિઓની તો વાત શી કરવી ! લોકો તે ખરીદવા માટે પડાપડી કરતા હતા.

હવે તો બજારમાં કુંભારની કલાની ચર્ચા થવા લાગી. કુંભારની મૂર્તિઓનો લોકોને એટલો મોહ હતો કે કેટલાક તો ખરીદવા માટે તેને ઘેર જઈ પહોંચતા. મૂર્તિ તૈયાર થતી કે તરત જ વેચાઈ જતી. હવે તો કુંભારને બજારમાં જવાની જરૂર જ નહોતી પડતી. તે આખો દિવસ ઘેર બેસીને મૂર્તિઓ બનાવ્યા કરતો. તેની માગણી વધતાં રાત્રે પણ તે મૂર્તિઓ જ બનાવ્યા કરતો.

આમ ને આમ વર્ષો વીતી ગયાં. કુંભારને ખબર જ ના પડી કે ક્યારે ઘડપણ આવી ગયું !

એક દિવસની વાત છે. સાંજનો સમય હતો. બધા માણસો કામ બંધ કરીને ફરવા નીકળ્યા હતા પણ કુંભાર તો નવરો જ ક્યાં પડતો હતો ? તે તો માથું નીચું કરીને મૂર્તિઓ જ બનાવ્યા કરતો હતો.

તે વખતે ગામના પંડિતજી ત્યાંથી પસાર થયા. કુંભારને કામ કરતો જોઈને તેમણે ટકોર કરી :

‘અરે ભાઈ, સાંજ પડી ગઈ. હવે તો કામ બંધ કર !’

કુંભારે માથું ઊંચું કરીને જોયું. પંડિતજીને પ્રણામ કરતાં કહ્યું :

‘પ્રણામ પંડિતજી ! મૂર્તિના ખરીદનારા એટલા બધા છે કે પહોંચી વળાતું નથી.’

‘ભાઈ, વાત તો તારી સાચી છે. પરંતુ કામ ક્યારેય પૂરું થતું નથી. એમાંથી થોડો સમય કાઢીને ભગવાનનું નામ પણ લેવાનું રાખ !’

કુંભારે ધીમેથી હસીને કહ્યું :

‘પંડિતજી, ભગવાનનું નામ લેવાની તો હજુ વાર છે. એને માટે આ આખી જિંદગી પડી છે !’

‘ના ભાઈ, ના, અરીસામાં તારો ચહેરો જોઈ લેજે. હવે ઝાઝા દિવસ નથી.’

પંડિતજીના સૂચનથી કુંભારે મૂર્તિ એક બાજુ મૂકી દીધી. અંદર જઈને અરીસામાં જોયું. વાળ તો બધા જ રૂપેરી થઈ ગયા હતા. ચહેરા પર કરચલીઓ પડી ગઈ હતી. શરીરમાં લોહી–માંસ રહ્યાં જ નહોતાં. માત્ર હાડકાંનો માળો બાકી રહ્યો હતો.

વર્ષો પછી તેણે અરીસામાં જોયું હતું. મૂર્તિઓ બનાવવામાંથી તેને નવરાશ જ નહોતી મળતી. આજે જ તેને ખબર પડી કે તે ઘરડો થઈ ગયો છે. હવે તે ગભરાયો. હવે પોતાનું મોત હાથ–વેંતમાં જ દેખાવા લાગ્યું.

તે ઝડપથી બહાર આવ્યો. પંડિતજીને હાથ જોડીને બોલ્યો :

'પંડિતજી, ખરેખર મને આ ખ્યાલ તો રહ્યો જ નહોતો. ખાવા–પીવામાં ને કમાણી કરવામાં જ મેં જિંદગી વિતાવી. ભગવાનનું નામ તો લીધું જ નહીં. મારો હાથ જોઈને કહો, હું કેટલું જીવવાનો છું ?'

પંડિતજીનું આ જ તો કામ હતું. તેમણે આસન પર બેસીને કુંભારની હથેળી જોવા માંડી. બંને હાથની રેખાઓ જોઈ. પછી પોથી ઉઘાડીને વિચાર કરીને બોલ્યો :

'ભાઈ, ખોટું ના લગાડીશ. હું તો માત્ર લખેલું જ વાંચું છું.

આ સાંભળીને કુંભાર વધુ ગભરાયો. તેણે અધીરાઈથી પૂછ્યું :

'પંડિતજી, જે હોય તે કહી નાખો !'

પંડિતજીએ ગળું સાફ કરીને કહ્યું :

'જો ભાઈ, તારું આયુષ્ય હવે છ મહિના બાકી રહ્યું છે.'

'શું વાત કરો છો ?'

'હા ભાઈ, આજથી બરાબર છ મહિને મધરાતે તારો જીવ જશે.'

'કંઈ ફેરફાર ના થઈ શકે ?'

'ના ભાઈ, આ તો વિધાતાના લેખ. આમાં એક પળની પણ વધ–ઘટ ના થાય.'

કુંભાર સહેજ વિચાર કરીને બોલ્યો :

'પંડિતજી, વિધાતામાં ને મારામાં ફેર ક્યાં છે ? હું પણ તેની જેમ જ મૂર્તિઓ બનાવું છું. મારાથી ભૂલ થાય છે, તો વિધાતાની પણ ભૂલ થઈ શકે.'

પંડિતજી આ સાંભળીને હસ્યા. તેમને લાગ્યું કે કુંભારને ઉપદેશ આપવો નકામો છે.

પંડિતજી તો ઊઠીને ચાલ્યા ગયા.

પણ કુંભાર વિચારમાં પડી ગયો :

'વિધાતાની ભૂલ કેમ ના થાય ? તેનાથી ભૂલ નહીં થતી હોય, તો હું ભૂલ કરાવીશ. બસ, જો તેની ભૂલ થાય તો મારું મોત પાછું ઠેલી શકાય'.

વિધાતાને ભૂલમાં નાખવા શું કરવું ? બસ, હવે કુંભાર તો એના જ વિચાર કરવા લાગ્યો. છેવટે તેને એક ઉપાય મળી આવ્યો :

'હવે ચિંતા કરવાની જરૂર નથી. હવે મોત તો ગમે ત્યારે આવે. એટલે મારી યુક્તિ પ્રમાણેનું કામ પહેલાં પૂરું કરી નાખું. દાન–પુણ્ય પછીથી કરીશ.'

બસ કુંભાર તો ફરીથી મૂર્તિઓ બનાવવામાં મશગૂલ બની ગયો.

આ બાજુ છ મહિના તો વીતી ગયા. એટલે યમરાજે પોતાના દરબારમાં તપાસ કરાવી : ‘ભાઈ, કુંભારની ઉંમર પૂરી થઈ. હવે તેના પાપ પુણ્યનો હિસાબ લાવો.’

યમરાજના દરબારમાં પાપ–પુણ્યનો હિસાબ ચિત્રગુપ્ત રાખે. તેમણે તરત જ ચોપડો કાઢીને કુંભારનું ખાતું જોઈને કહ્યું :

‘મહારાજ, પુણ્યના નામે તો કુંભારે કંઈ કર્યું નથી. પાપની યાદી ઘણી મોટી છે. આખી જિંદગી જૂઠું બોલ્યો છે.’

‘આખી જિંદગી જૂઠું જ બોલ્યો છે ?’

‘હા મહારાજ, પહેલાં વાસણ બનાવતો હતો. હવે મૂર્તિઓ બનાવે છે. એ મૂર્તિઓ લોકોને છેતરીને વધારે કિંમતે વેચે છે.’

યમરાજે આંખ લાલ કરીને કહ્યું :

‘ઓહ, એને તો ભયંકર નરકમાં નાખવો પડશે.’ તરત જ યમરાજે દૂતને આજ્ઞા કરી, ‘સાંભળ, કુંભારની ઉંમર પૂરી થઈ ગઈ છે. આજે બરાબર મધરાતે તેના પ્રાણ લઈ આવો.’

‘જેવો હુકમ, મહારાજ !’ દૂત મસ્તક નમાવીને ચાલ્યો ગયો.

આ બાજુ કુંભાર પણ આ પળ માટે તૈયાર જ હતો. તેણે ચોવીસ મૂર્તિઓ બનાવી રાખી હતી. કોની મૂર્તિઓ ? એની પોતાની જ. એ ચોવીસ મૂર્તિઓ એવી કે જાણે ખરેબર આ જ ઘરડો કુંભાર છે ! આમ તેણે બીજા ચોવીસ કુંભાર બનાવ્યા હતા.

મધરાત થઈ.

કુંભાર રાહ જોઈને જ બેઠો હતો. દૂરથી તેણે યમદૂતને આવતો જોઈ લીધો. તરત જ તે પેલી ચોવીસ મૂર્તિઓ વચ્ચે જઈને ઊભો રહ્યો. તરત જ પ્રાણાયામ કરીને શ્વાસ રોકી લીધો.

હવે ત્યાં ચોવીસ મૂર્તિઓ અને એક કુંભાર હતો. આમ જુઓ તો પચીસ મૂર્તિઓ અને આમ જુઓ તો પચીસ કુંભાર ! સરખી બનાવટ, સરખા ચહેરા અને એક સરખા રંગ !

યમદૂતે આવીને જોયું તો સ્તબ્ધ બની ગયો. તે મૂંઝવણમાં પડી ગયો. હવે કરવું શું ? તે તો વિચારમાં પડી ગયો :

‘યમરાજે કુંભારનો જીવ લઈ આવવાનું કહ્યું છે. પણ કયા કુંભારનો જીવ લાવવાનો છે, એ તો જણાવ્યું નહોતું. અહીં તો બધા પચીસ કુંભાર છે, હવે મારે જીવ કયા કુંભારનો લેવો ?’

યમદૂતને કશી સમજણ ના પડી એટલે તે તો જીવ લીધા વિના જ પાછો ફર્યો.

યમરાજે દૂતને જોઈને પૂછ્યું : ‘જીવ લાવ્યો ?’

દૂતે ડરતાં–ડરતાં કહ્યું : 'ના મહારાજ....!'

'ના ?' દૂત આગળ કંઈ બોલે તે પહેલાં જ યમરાજે ગર્જના કરી, 'અરે મૂરખ, કુંભારની જિંદગી તો મધરાત સુધીની જ હતી. અત્યારે સવાર પડવા આવ્યું. તારી મૂર્ખતાને કારણે હજુ તે જીવતો રહ્યો. જા જલદી અને તેનો જીવ લઈ આવ.'

'પણ મહારાજ, જીવ કયા કુંભારનો લઈ આવું ?'

'અલ્યા, એ ગામમાં કુંભાર વળી કેટલા છે ? એક તો છે.'

હવે દૂતે હાથ જોડીને નમ્રતાથી કહ્યું : 'ના મહારાજ ! ત્યાં એક–બે નહીં પૂરા પચીસ કુંભાર છે.'

પચીસ કુંભાર ?' યમરાજે નવાઈ પામીને કહ્યું : 'પચીસ કુંભાર કેવી રીતે હોઈ શકે ?'

'કદાપિ ના હોઈ શકે, મહારાજ !' ચિત્રગુપ્તએ ફરીથી ચોપડો ખોલીને ખાતરી કરી લીધી. 'વિધાતાએ ત્યાં એક જ કુંભાર બનાવ્યો છે. એ કુંભારને આજે મધરાતે મરવાનું હતું. પચીસ કુંભાર હોઈ જ ના શકે.'

યમદૂતે ગભરાતાં–ગભરાતાં કહ્યું :

'મહારાજને મારી વાત સાચી ના લાગતી હોય તો જાતે જોઈને ખાતરી કરી લો.'

''ચૂપ રહે નાલાયક, તારી મૂર્ખામીને કારણે વિધાતાના લેખ બદલાઈ ગયા. એ કુંભારને તો આજે રાતે મરી જવાનું હતું. તેને બદલે તે હજુ સુધી જીવતો રહ્યો છે. વિધાતાના લેખ આજે પહેલી વખત ખોટા પડયા. હે ભગવાન ! શું થવા બેઠું છે !'

યમરાજ તો થોડી વાર માથું પકડીને બેસી ગયો. થોડી વાર વિચાર કરીને તેમણે બીજા દૂતને કહ્યું :

'જા ભાઈ, તું જ જા ! જલદીથી કુંભારનો જીવ લઈ આવ !'

હુકમ થતાં જ બીજો દૂત ઊપડયો.

પહેલો યમદૂત કુંભારનો જીવ લઈ શક્યો નહીં. એ જોઈને કુંભાર પોતાની ચાલાકી પર ખુશ હતો. યમદૂત ગયો એટલે તે તો ફરી મૂર્તિઓ બનાવવા લાગ્યો.

થોડા સમય પછી બીજો યમદૂત આવી ગયો. કુંભાર તો સાવચેત હતો. બીજા યમદૂતને આવતો જોઈને તે ફટાફટ ઊભો થઈ ગયો. પેલી મૂર્તિઓ વચ્ચે ઊભા રહીને શ્વાસ રોકી લીધો.

બીજો યમદૂત અંદર આવ્યો. તે પણ અંદરનું દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયો. ત્યાં તો એક સાથે પચીસ કુંભાર હતા. હવે શું કરવું ?



પણ આ બીજો યમદૂત જરા બુદ્ધિશાળી હતો. તેણે થોડી વાર વિચાર કર્યો :

'બ્રહ્માએ કુંભાર તો એક જ બનાવ્યો છે. તો પછી અહીં પચીસ કુંભાર કેવી રીતે હોઈ શકે ? ચોક્કસ કુંભારની કોઈ યુક્તિ હોવી જોઈએ. શક્ય છે કે તેણે પોતાના જેવી જ ચોવીસ મૂર્તિઓ બનાવી હોય. એમની વચ્ચે તે પચીસમો બનીને ઊભો રહ્યો હોય.'

હવે યમદૂત મૂર્તિઓની નજીક આવ્યો. દરેક મૂર્તિઓની નજીક આવીને તે Wયાનથી જોવા લાગ્યો. પણ તે નિષ્ફળ ગયો. કુંભારે શ્વાસ રોકી રાખ્યો હતો. એટલે તે સાચા કુંભારને પકડી શક્યો નહીં.

છેવટે તે થાક્યો. તે ચાલાક હોવાને કારણે કુંભારની ચાલાકી સમજી ગયો. પણ સાચા કુંભારને તો ના જ પકડી શક્યો.

તે પણ ખાલી હાથે પાછો ફર્યો.

યમરાજે તેને જોતાં જ પૂછ્યું : 'કુંભારનો જીવ લાવ્યો ?'

'ના, મહારાજ !'

'કેમ ?' યમરાજનો ગુસ્સો આસમાને પહોંચી ગયો. 'તને પણ પચીસ કુંભાર દેખાયા ?'

'ના મહારાજ !'

દૂતે હાથ જોડીને કહ્યું : 'મહારાજ, કુંભાર તો ત્યાં એક જ છે.'

'તો પછી તેનો જીવ લાવતાં તને શા ઘા પડયા ?'

'મહારાજ, તે ઓળખાતો નથી.'

'શું કહ્યું ? યમદૂત થઈને તને કુંભાર ના ઓળખાયો ? તો પછી તમે નોકરી કેવી રીતે કરી શકશો ?'

'માફ કરો, મહારાજ ! યમદૂતે હાથ જોડીને નમ્રતાથી કહ્યું, 'આપ થોડી ધીરજ રાખી મને શાંતિથી સાંભળો તો....!'

'યમરાજ વચ્ચે બોલી ઊઠ્યા : 'શું ધૂળ તને શાંતિથી સાંભળે ? કુંભારનો જીવ ગઈ મધરાતે લાવવાનો હતો. તેને બદલે બીજા દિવસનો બપોર થઈ ગયો. જવાબદારીનું તમને ભાન જ નથી. બોલ, જલદી બોલી નાખ !'

'મહારાજ, કુંભાર ખૂબ બુદ્ધિશાળી છે. તેણે પોતાના જેવી જ ચોવીસ મૂર્તિઓ બનાવી રાખી છે. હું ગયો ત્યારે તે મૂર્તિઓ વચ્ચે પચીસમો બનીને ઊભો રહ્યો. એટલે હું તેને પકડી શક્યો નહીં.'

'મુરખ.....માણસ અને મૂર્તિમાં તને કોઈ તફાવત જ ના દેખાયો ?'

'મહારાજ, મેં ખૂબ પ્રયત્ન કર્યો પણ....'

'કર્યો પ્રયત્ન તેં ! યમરાજ મોઢું બગાડીને સિંહાસન પરથી ઊભા થઈ ગયા. તેમણે પગ પછાડીને ગૌરવથી કહ્યું : 'આ વખતે તો હું પોતે જ જઈશ. તમે જોજો હું તેનો જીવ લઈને જ આવીશ.

બસ, પછી તો યમરાજ પોતે પાડા પર બેસીને નીકળી પડયા.

આ વખતે પણ કુંભાર શ્વાસ રોકીને મૂર્તિઓ વચ્ચે ઊભો રહ્યો. તે મનમાં જ વિચારતો હતો :

'મેં પણ કમાલ કરી નાખી. ગઈ કાલે રાત્રે મરવાનું હતું તેને બદલે હજુ જીવતો છું. બિચારી વિધાતાના લેખ પણ ખોટા પડયા.'

યમરાજ અંદર આવ્યા. ત્યાંનો દેખાવ જોઈને તે પોતે મૂંઝવણમાં પડી ગયા. તેઓ વિચાર કરવા લાગ્યા :

'બિચારા યમદૂત ! હું તેમના પર નકામો ગુસ્સો કરતો હતો. અહીં તો સાચો કુંભાર દેખાતો જ નથી.'

એક એક મૂર્તિઓ પાસે જઈને Wયાનથી જોયું પણ મળી નિરાશા. હવે શું કરવું ?

પણ આ કંઈ યમદૂત નહોતા, તે પાછા વળી જાય. આ હતા યમરાજ ! તેમણે યુક્તિ વિચારી કાઢી.

યમરાજ જોરથી હસી પડયા, ખડખડાટ હસી પડયા. તે તો લાંબો સમય સુધી હસતા રહ્યા.

કુંભાર પેલી મૂર્તિઓ વચ્ચે જ ઊભો હતો. તેણે આ અવાજ સાંભળ્યો. કુંભાર તો વિચારમાં પડી ગયો : 'આ યમરાજ હસ્યા કેમ ? તેમનું હસવાનું કારણ શું ?'

યમરાજના હસવાનું કારણ જાણવાની તેને તાલાવેલી લાગી. પણ પૂછે શી રીતે ? પૂછે તો પકડાઈ જાય. એટલે તો તે શ્વાસ રોકીને ચુપચાપ ઊભો રહ્યો.

યમરાજ ખૂબ હસ્યા પછી મહાપરાણે અટકયા. પછી તેમણે હસતાં હસતાં જ કહ્યું :

'વાહ ભાઈ વાહ ! ગજબની હોંશિયારી તારી ! કારીગરી તો એવી છે કે તને કોઈ ઓળખી ના શકે ! પણ આખરે તો તું માણસ ને ! એક ભૂલ તો રહી જ ગઈ.....નહીં તો તું ના ઓળખાત !'

વાત પણ ખોટી નહોતી. કુંભાર આખરે તો માણસ જ હતો. તેની માન્યતા પ્રમાણે તેની મૂર્તિઓ સંપૂર્ણ હતી. બરાબર પોતાના જેવી જ ! પછી કોઈ ભૂલ કાઢે તે તો તેનાથી કેવી રીતે સહન થાય ! તેને પોતાની કળાનું અભિમાન હતું. એટલે તે તો અધીરો થઈને પૂછી બેઠો :

'શી ભૂલ છે ?'

'બસ, આ તું બોલી ઊઠ્યો એ જ !' એમ કહીને યમરાજે એકદમ તેનો હાથ પકડી લીધો.

સાચી વાત તો એ હતી કે મૂર્તિઓમાં કોઈ ભૂલ હતી જ નહીં. મૂર્તિઓ સંપૂર્ણ હતી. આ તો યમરાજે યુક્તિ કરી હતી. યમરાજ ઇચ્છતા હતા કે કોઈ પણ રીતે કુંભાર બોલે. અને યમરાજની ધારણા પ્રમાણે કુંભાર બોલ્યો જ. બસ, તે જ વખતે યમરાજે તેને પકડી લીધો.

કુંભારને પકડીને લઈ જતાં યમરાજ હસતાં હસતાં બોલ્યા :

'ભાઈ કુંભાર, માણસ બુદ્ધિશાળી તો હોય છે. તે એવો બુદ્ધિશાળી હોય છે કે ભગવાનને પણ પડકાર ફેંકી શકે.

'પણ તેનામાં એક દુર્ગુણ પણ હોય છે. તે અભિમાની હોય છે. તું બોલ્યો ના હોત તો હું ક્યારેય તને પકડી શકત નહીં. પણ તારી કલાનું તને અભિમાન હતું. એ અભિમાનને કારણે જ તું બોલી ઊઠ્યો અને પકડાઈ ગયો. તારું અભિમાન જ તારા મોતનું કારણ બન્યું.'

'કુંભાર પણ હવે પસ્તાવા લાગ્યો.'

'અરેરે, મારા અભિમાને જ મને માર્યો !'

પણ હવે પસ્તાવો કરવાનો અર્થ નહોતો. યમરાજે તેના પ્રાણ ખેંચી લીધા અને ચાલવા માંડયા.

■